નમસ્કાર ગાંધીનગર

પમરાટ

વ્યર્થ દુનિયામાં પ્રણયને આંધળો કહેવાય છે.
તું નજર સામે નથી તો પણ મને દેખાય છે !
- મરીઝ

પાથેય

- રમેશ ઠક્કર

બોલવાનું બેલેન્સ

આપણા વ્યવ્હારિક જગતમાં દંભ વ્યાપકપણે અડ્ડો જમાવીને બેઠો હોય છે.અહીં બધા લોકો ઠાવકું બોલે છે.મિતભાષી હોવું એ જ જાણે સદગુણ મનાય છે.એવું પણ કહેવાય છે કે વાણી અને પાણી બરાબર સાચવીને ઉપયોગ કરો .કેમકે એ બહુ કિંમતી છે.આ બાબતે કોઇ વાંધો ના હોઇ શકે પણ વાણીનો વ્યવહારમાં જો કારણવગરની ઠાવકાઇ ભળી જાય તો એ દંભમાં ફેરવાઈ જતી હોય છે !

જગતમાં એવા કેટલાય માણસો છે કે જેમને સાચું કહી દેવાની તાલાવેલી હોય છે..એ આત્મવિશ્વાસથી કહેતા પણ હોય કે 'આપણે તો કોઇનાય બાપની સાડાબારી રાખતા નથી !' સંયમિત રીતે બોલતા લોકોની સામે આ રીતે મુખર બની જતા લોકો ઉપર પણ આડેધડ વાણીવિલાસ કરવાનું તહોમત લાગી જતું હોય છે...

આમ જોઇએ તો સિકાકાની બે બાજુ જેવા આ બંને અંતિમો છે..જરૂર પડે છતાં ના બોલવું .ફક્ત કોઇકને ગમે એવું જ બોલવું કે પોતે જેનું અનુકરણ નથી કરતા એવી વાતોને અન્ય સામે બહેલાવવી એ જેમ બરાબર નથી એ જ રીતે પોતે જે માને એ જ સાચું. અને એ કોઇનેય પણ તડ અને ફડ કરીને સંભળાવી દેવાની વૃત્તિ કે આખાબોલાપણું એ પણ યોગ્ય નથી હોતું..

હકીકતમાં આપણે સહુ એકમેકને પૂરક બની જીવતા હોઇએ છીએ..કોઇપણ માણસ એવું ના કહી શકે કે એ જે માને છે એ છ સત્ય..દરેક વ્યક્તિનો પોતાનો અનુભવ હોય છે..પોતાની માન્યતા કે વિશેષતા હોય છે..સાચો અભિગમ એકમેકને સમજવામાં હોય છે...માણસ જો પોતાની વાતમાં જેટલો મક્કમ હોય છે એટલો જો અન્યની વાતો માટે પણ ધીરજવાન બને તો જગતમાં મોટાભાગના મતભેદો ઉભા થતાં પહેલાં જ પુરા થઈ જાય !

આપણી વાતને અધિકારપૂર્વક કહેવાનો આપણને અધિકાર છે એની ના નથી પણ સામેની વ્યકિત પણ એ બાબતે એટલી જ સ્વતંત્ર હોઇ શકે એવી ઉદારતા પણ શીખવા જેવી છે. વોલ્તેર નામનો ફિલોસોફર કહે છે ' તમે જે કહો છો એ વાત સાથે હું સંમત હોઇ પણ શકું અને સંમત ના પણ હોઉં..એ વાત અલગ છે પણ તમે જે વિચારો પ્રગટ કરો છો એ માટેની તમારી જે સ્વતંત્રતા છે એનું હું જાનના જોખમે પણ રક્ષણ કરીશ..!' આવી ઉદારતા છાસવારે પોતાનો જ કક્કો ખરો એમ માનનારાઓમાં નથી હોતી..! બોલવા જેવી બાબત પણ કેવી અટપટી છે અને એમાં પણ કેવા કૌશલ્યની જરૂર પડે છે એ વાત પણ વિસ્મયકારક નથી લાગતી ?

ટિકિટો ફક્ત જીતવાની લાયકત ધરાવનારને મળે

તંત્રીસ્થાનેથી...

લોકશાહીની લિંકનકૃત વ્યાખ્યા સર્વમાન્ય છે. લોકોનું, લોકો માટે, લોકો દ્વારા ચાલતું શાસન એટલે 'ડેમોક્રસી'. પણ શાસન કરનાર અથવા શાસન માટે લોકો સામે રાજકીય પાર્ટીઓ દ્વારા રજૂ કરનાર ઉમેદવારની કરમકુંડળી પણ જોવી તો પડે. આપણી અમૃત પર્વ ઊજવી રહેલી લોકશાહી એ માપદંડોમાં ઊણી ઊતરી રહી છે. તે હવે ભીંત પરના અક્ષરો જેટલું સ્પષ્ટ બની ચૂક્યું છે. કોઈ પણ પાર્ટી કાર્યદક્ષતા કે ચારિત્ર્યને આધારે ઉમેદવાર પસંદ કરતી નથી. એનું મુખ્ય માપદંડ છે ઉમેદવારની જીતવાની ક્ષમતા. ઉમેદવાર માટે ક્રિમિનલ કેસ થયા હશે તો ચાલશે, એણે ભયંકર નાણાંકીય ગેરરીતીઓ આચરી હશે તો પણ વાંધો નથી. એની બેઠક પર એ મુખ્ય જ્ઞાતિનો પ્રીતિપાત્ર છે કે નહીં, વળી બીજાં જ્ઞાતીજૂથો પર પણ એનો પ્રભાવ છે કે કેમ - એવી બાબતો જ સવિશેષ ધ્યાને લેવાતી રહી છે. આખરે ચૂંટણી તો સત્તા સુધી પહોંચવા માટેની સીડી છે. કોઈ સજ્જન લોકસેવક ચૂંટણી વખતે દારૂ અને રુપિયા વહેંચી શકે એમ ના હોય તો ભલે એ ઘેર બેઠાં બેઠાં પ્રજા અને પક્ષનું કામ કર્યા કરે. એને વિધાનસભા કે લોકસભામાં ઊભો રાખી હારવાનું જોખમ વહોરવા કોઈ રાજકીય પાર્ટી તૈયાર નહીં થાય. હમણાં ચાલી રહેલા પાંચ રાજયોના ચૂંટણી પર્વમાં ગોવાના પૂર્વ મુખ્યમંત્રી અને દેશના અણિશુદધ ચારિત્ર્ય ધરાવતા પૂર્વ સંરક્ષણ મંત્રી મનોહર પારિકરના પુત્ર ઉત્પલને પંજિમની ટિકિટ નકારાતાં એણે પાર્ટી સમક્ષ આ મુદ્દે રાવ નાખી છે. ગોવામાં ટિકિટ વહેંચણી કરવાની જવાબદારી નિભાવી રહેલ મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે કોઈ મનોહર પરિકરનો પુત્ર ટિકિટ માગે એટલે એને આપી દેવી જરૂરી નથી. જીતવાની લાયકાત જ સૌથી અગત્યનો મુદ્દો છે. તેથી પંજિમની ટિકિટ ત્યાંના બળૂકા અન ગુનાઈત કારકિર્દી ધરાવતા ઉમેદવારને જ અપાઈ છે. આવું ફક્ત પંજિમમાં જ નહીં બલકે અન્યત્ર ઉત્તરપ્રદેશ - પંજાબ - ઉત્તરાખંડ - મણિપુરમાં પણ બન્યું જ હોય. એથી નારાજ થયેલા સાચા કાર્યકર્તાઓએ બળાપો પણ ઠાલવ્યો હોય અને વળી બીજા પક્ષ તરફ પણ રુખ કર્યું હોય કાં તો અપક્ષ ઉમેદવારી કરવાની તૈયારી કરી હોય. લોકશાહીમાં આવું બધું બનતું રહે છે પરંતુ 'ઑન પેપર' સિદ્ધાંતો અને મૂલ્યોની સાચવણીની ડંફાસ હાંકતા રાજકીય પાર્ટીના વરિષ્ઠ નેતાઓના પેટનું પાણી સુધ્ધાં હાલતું નથી. આખરે એમનો 'બાહુબલી' ઉમેદવાર જ મેદાન મારી જાય છે અને પેલો સાચો લોકસેવક તથા પાર્ટીને વરેલો કાર્યકર 'શહીદ' થઈ જતો હોય છે. લોકશાહીમાં રાજાથી લઈ રંક સુધી તમામને મતાધિકાર તથા ચૂંટણીમાં ઊભા રહેવાનો અધિકાર છે. પરંતુ હકીકત એ છે કે પ્રજાનો એક બહુ જ મોટો સમુદાય ચૂંટણી ટાણે ફક્ત વોટ આપવા પૂરતો જ એ અધિકાર ભોગવે છે વળી એ વોટ પણ વેચી શકાતો હોય તો એની તૈયારી હોય છે અને રાજકીય પાર્ટીઓ એ ખરીદવાના અવનવા કારસા કરતી રહે છે. ઉમેદવારોના મુદ્દે તો જબરું ઈદમ તૃતીયમ ચાલતું રહે છે. હાઈકમાંડમાં બેઠેલી ગણી ગાંઠી મોભાદાર હસ્તીઓ મનપસંદ બેઠકો પર કબજો જમાવી લે છે. દાખલા સર્વવિદિત છે. દિલ્હીમાં રહી નહેરુ-ગાંધી પરિવાર સતત ઉત્તરપ્રદેશની રાયબરેલી, અમેઠી અને ફૂલપુર બેઠકો પર ચૂંટણી લડતો રહ્યો છે. મોદી ગુજરાતથી ઉત્તરપ્રદેશ પહોંચી જઈ વારાણસીની બેઠક બથાવી લે છે. શંકરસિંહ વાઘેલા ગાંધીનગર બેઠક છોડી ગોધરા પર જઈ ચૂંટાયા હતા. એ પછી સાબરકાંઠા પર નજર બગાડે છે. આ તો જાણે જાણીતા નેતાઓની મનસુફીની વાત થઈ. પણ જેને 'રાજકારણ'ના 'ર'ની ખબર નથી હોતી એવા અભિનેતાઓ, અત્રિનેત્રીઓ અને ઉદ્યોગપતિઓને પાર્ટીઓ સામે ચાલીને પોતાના ઉમેદવાર બનાવી સ્થાનિક આગેવાનો પર થોપી દે છે. મુંબઈમાં રહેતા 'રામાયણ' શ્રેણીના કલાકારો રાતોરાત વડોદરા અને સાબરકાંઠાના ઉમેદવારો બની ચૂંટણી જીતીને લોકસભામાં એ વિસ્તારોનું પ્રતિનિધિત્વ કરવા લાગે છે. મણિબેન ભલે વલ્લભભાઈ પટેલનાં સુપુત્રી હોય અને ઍચ.એમ. પટેલ ભલે જબરા વહીવટકુશળ નેતા હોય પણ એમને ચરોતર છોડીને ક્યારેક ઉત્તર ગુજરાતના પાટીદારોના પ્રતિનિધિ બનવા આવવું પડે એ કેવું ! હમણાં એક 'ભુવાજી' પણ ચર્ચામાં છે. થોડા મહિના પૂર્વે એ 'આપ'માં જોડાઈ એનાં ગાણાં ગાતા હતા. હવે ભગવો ધારણ કરી ભાજપની 'રેડીઓ' રોડવશે ! રાજકીય સમજણના નામે મીંડું હોય તો પણ આવી કોઈ વિશેષતાના મુદ્દે સચીન તેંડુલકર કે લતા મંગેશકર રાજયસભાનાં નોમિનેટેડ સદસ્ય બની જઈ સીટો જરૂર બગાડતાં રહ્યાં છે.

તમે અને હું બધા વ્યર્થ જો અનર્થ નો ના સમજીએ અર્થ !

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

વિશ્વપતિ ઈશ્વરના આયોજન મુજબ જ આ દુનિયા ચાલે છે તેના ઈરાદા કાર્ય અને સમીક્ષામા કદી કોઈ કમી કે કચાશ હોતી જ નથી અને પછી કકળાટ રૂટન અને નિશાસા ચાલુ જ રાખવા હોય તો સમજી લો કે જગતમાં ક્યાંક સહાનુભૂતિ પ્રાપ્ત કરવી લગભગ અસંભવ હકીકત બની જાય છે. સમયની કમાલ જ બધી ધમાલમાં અવશ્ય અંક્તિ હોય છે. કર્મ કરતી વેળા એ કદી પરિણામ વિશે વિચારતા જ નથી અને સમય જતાં જે ફળ પ્રાપ્ત થાય તે સ્વીકૃત કરતા પણ નથી તેથી જ જીવનમાં પુષ્કળ અજંપો પ્રવર્તે છે. સંસારનો મૂળ સ્વભાવ જ આંસુ છે અને અધ્યાત્મનો મૂળ સ્વભાવ આનંદ છે અર્થાત્ આપણે જો મુળ સાચો અર્થ ના સમજીએ તો બધું જ વ્યર્થ થઈ ગયું હોય તેવો અહેસાસ થતો રહે છે. માણસોના વ્યવહારોમાં વર્તનમાં વિચારોમાં તટસ્થતાનો અભાવ સહજપણે હોઈ શકે છે. તેમ છતાં અન્યનાં હિત-અહિત કે પ્રતિઘોષ પરત્વે કંઈ જ ના વિચારાય તો અંતે સમાજનું સુખ કે હિત અવશ્ય તૂટી જાય એ હકીકત હોય છે.

'હર જગહ ઈત્ર હી નહીં મહકા કરતે
કભી કભી શખ્સિયત ભી ખુશ્બુ દે જાતી હે'

સમયના પરિવર્તન સાથે શિક્ષણ એક નફાકારક વ્યવસાય તરીકે ખુબ વધ્યું છે એ કડવું સત્ય છે. ત્યાં ગણતર નથી ગોખણીયું જ્ઞાન કે માહિતીઓ ભરીને ઠાલવવાની નક્કર પ્રક્રિયા ચાલે છે. હૃદય કે દિલને ઢંઢોળી નાંખે તે પ્રકારની કોઈ ગુંજાઈશ જ રહેવા દીધી નથી ! અર્થ પણ ના સમજાય તે હકીકત પણ ના સમજી શકે તેવી નવી પેઢી ઉછરી રહી છે જયાં ઈન્ટરનેટની બોલબાલા છે, આંતરિક વિચારધારા, મૌલિક ચિંતન, આત્મમંથન જેવું કંઈ જ રહ્યું નથી જે આવતીકાલના દેશના નાગરિકો થવાના છે !!

ભગવાન શ્રી રામચંદ્ર જેવું ધૈર્ય નથી કે કૃષ્ણ જેવો દિલમાં પ્રેમ નથી છતાં સર્વત્ર ધર્મની વાતો, કથાઓ, ખૂબ થઈ રહી છે. પરંતુ મૂળ ભીતરમાં એક ખાલીપો થઈ ગયો છે, માનસ ઉપર રૂક્ષતાનુંપડ જામી ગયું છે બધા દંભી ઓઢીને જીવતા થયા છે જેને કોઈ અર્થ સમજવામાં પણ ઉત્સુકતા નથી !! કવિશ્રી મનોજ ખંડેરિયાની આ નાની કૃતિ સમજવા જેવી છે ઘરમાં ઊભા જડની માફક, દર્પણની એક તડની માફક ડાળ બટકતી જોયા કરીએ, સમય ઊભો છે થડની માફક હું જ મને અથડાતો રહેતો, ઘરમાં છું સાંકડની માફક આડેધડ ઊગી નિકળ્યા છે, સ્મરણો તારા ખડની માફક મારી ધરતી પર ફેલાયા, શબ્દો કબીરવડની માફક

મૌલિકતા વિનાના જીવનમાં દિલનો આનંદ ઉપલબ્ધ થઈ - શકતો જ નથી. નાની નાની વાતોમાં મોટું રહસ્ય હોવા છતાં કંઈક ધ્યાન આપવું નહિ પણ વણગમતા બનાવોનો સામનો કરવાનું આવી પડે છે. અનર્થનો અર્થ જાણવાથી સાવધાનીથી સુરક્ષા મળે છે પણ ત્યાં ઘોર બેદરકારી પ્રવર્તે છે. મહામારી હજી બંધ નથી થઈ છતાં નિયમોના પાલનનો અર્થ ફગાવી જ દીધો છે !! બધુ જ કંઈ સરકાર નહિ કરી શકે કેટલુંક પાલન પ્રજા તરીકે કરવાનું ફરજિયાત હોય છે. ઘરમાં જડની માફક ઊભા રહીએ તો પ્રશ્નો કબીરવડની જેમ વ્યાપક થયા જ કરે છે. જે વિચારે અને સહન કરે એ ઉમદા સર્જન પણ અવશ્ય કરી શકે છે માત્ર મશીનની જેમ જોબ કરતા જીવવું એ જીવનની ખુદને દૂર કરી દે છે. કર્મમાં બધા મર્મ હોય છે એ કોઈ યાદ રાખતું નથી. ધર્મ અર્થ કામ અને મોક્ષ આ બધુ અંતે જીવનના સાફલ્ય માટેની વાતો છે. તબક્કાઓ બદલાય એ મુજબ અર્થસભર જીવવું પડે છે નહિતર જીવન તો પૂર્ણ થઈ જ જશે પણ લખચોર્યાંથીના ફેરા ટળશે નહિ! ઈશ્વર ખુદમાં છે છતાં તે માટે વિચાર આવતો નથી એવું જ સુખનું પણ છે. જીવન બધાને તક આપે છે તે સત્ય છે.

અહેસાસ સબ કો હોતા હે મગર
કોઈ મહેસૂસ કરતા હે તો કોઈ સમજ નહિ પાતા

જીવન ભગવાનની અમૂલ્ય ભેટ છે. કિંમત તો ફક્ત ગમતા વિસામાની હોય છે! આ પ્રકારના જીવનમાં બધુ જ વ્યર્થ છે જો આપણામાં અર્થ સમજવાની ક્ષમતા નથી. ઘણીવાર મૌનથી પણ સંવાદ થઈ જાય ને વ્યવહાર સચવાય જતા હોય છે ત્યાં ભાષા એક બાજુ ઊભી રહી જાય છે તો ઘણીવાર પુષ્કળ ચર્ચા કર્યા બાદ પણ સમાધાન નજીક આવતું નથી. કહેવાય છે કે હસ્તમેળાપ થાય ને હૃદય મેળાપ ના થાય ત્યાં મકાન કદી ઘર નથી બની શકતા. અનુભૂતિ અને અહેસાસ જીવંત અને મજબૂત હોવા જરૂરી છે જે જીંદગીના રંગોને વધુ સૌંદર્યવાન બનાવે છે, જયાં સરળતા એ પીછી બને છે. ધર્મ માત્ર યોગ્ય માર્ગ દર્શાવે છે પણ મુકામ પર કર્મ જ પહોંચાડે છે. સમજણપૂર્વક જીવીએ જીવન સાર્થક કરીએ.

શેર આસ્વાદ :
રાહ તો બસી સીધી હે
મોડ તો સારે મન કે હે

દિન મહિમા

- પ્રાણલાલ ભાઈ પટેલનું અવસાન : ભારતીય તસ્વીરકાર
- કરસનદાસ માણેકનું અવસાનઃ ગુજરાતી કવિ, લેખક, નિબંધકાર

આજનું

ઔષધ

- કાચા પપૈયાનો રસ દિવસમાં બે થી ત્રણ વખત ઘસાવાથી દાદર મટે છે.

ખડખડાટ

- અંગ્રેજીમાં શિક્ષક : બોલો તો 'It' ક્યારે વપરાય ? ભૂરો : મકાન બનાવતી વખતે સાહેબ... (શિક્ષક હજી બેભાન છે.)

આજનો

વોટ્સએપ

- મોડું થઈ કે છે દોસ્ત પણ આ દુનિયામાં કોશિશ કરનારની ક્યારેક હાર નથી થતી.
- સંબંધ મીઠા અવાજ કે સુંદર ચહેરાથી નથી ટકતો.. તે હૃદયના ભાવ અને અતૂટ વિશ્વાસથી ટકે છે.

અહંભાવ જાગી જાય પછી વયંભાવ પાછો આવવો મુશ્કેલ છે

વિચારયાત્રા
ડો. જય ઓઝા

આ ઓશોના પ્રવચનની વાર્તા છે.

યુનાનમાં એક બહુ જ મોટો મૂર્તિકાર હતો.એ મૂર્તિકારની દેશ-દેશાવરમાં ખ્યાતિ હતી.લોકો કહેતા ; 'એણે જે વ્યક્તિની મૂર્તિ બનાવી હોય તે વ્યક્તિની પાસે સ્વયં એ વ્યક્તિ પોતે શ્વાસ બંધ કરીને ઊભી રહી જાય તો એ બતાવવું મુશ્કેલ થઈ જાય કે મૂર્તિ કોણ અને સાચી વ્યક્તિ કોણ? બંને એક જેવા જ લાગે !'

મૂર્તિકારનું મૃત્યુ નજીક આવ્યું. તેણે વિચાર્યું કે મૃત્યુને ધોખો કેવી રીતે દેવો. એણે પોતાના જેવી જ પોતાની અગીયાર મૂર્તિઓ તૈયાર કરી લીધી. જ્યારે મોત આવ્યું ત્યારે મૂર્તિઓની પાસે છુપાઈને ઉભો રહી ગયો.

મૃત્યુ આવ્યું જોયું તો એક જેવી બાર વ્યક્તિઓ હતી. ઘણી બધી મુશ્કેલી પછી પણ એ નક્કી ના કરી શક્યું કે આમાં સાચી વ્યક્તિ કોણ છે. કોને લઈ જવી. છેવટે પાછા ફરી પરમાત્માને કહ્યું , 'પ્રભુ, મુશ્કેલી પડી ગઈ છે બાર એક જેવા લોકો છે આમાંથી અસલી ને કેવી રીતે શોધવો?'

પરમાત્માએ કાનમાં એક સૂત્ર કહ્યું અને કહ્યું ;'હંમેશા યાદ રાખજે.જ્યારે પણ અસલીને શોધવા હોય ત્યારે આ પ્રમાણે કરજે.'

મોત પાછું ઓરડામાં ગયું. મૂર્તિઓને જોઈને બોલ્યું 'આહાહા ! ખૂબસૂરત સુંદર મૂર્તિઓ બની છે પણ એક ભૂલ થઈ ગઈ છે. ચિત્રકારનો અહં જાગ્યો. તરત એણે પૂછ્યું ;' કઈ ભૂલ ભૂલ થઈ ગઈ છે? અને મૃત્યુ એ કહ્યું,'બસ આ જ... તું અપને આપકો નહી ભૂલ સકતા !! તું પોતાને નથી ભૂલી શકતો. બહાર આવી જા. પરમાત્માએ મને કહ્યું હતું કે જે પોતાને નથી ભૂલી શકતો તેને તો મરવું જ પડે !!!

વાસ્તવમાં જોવા જઈએ તો આપણને ધ્યાનમાં આવશે કે, દુનિયાની બધી જ સમસ્યાઓ હુંપણાથી જ ઉત્પન્ન થઈ છે. મારું..મારું.. હું જ અવ્વલ.. આ પ્રકારની માનસિકતાના કારણે જ દરેક મુશ્કેલીઓનો ઉદ્ભવ થયો છે. આપણામાંનો હું ક્યારે નાનો થતો નથી. ચોક્કસપણે અમુક પ્રકારનું સ્વાભિમાન આપણને નવાં આવિષ્કાર અને નવાં વિકાસના કાર્યો તરફ દોરી જાય છે. પરંતુ જો આ સ્વાભિમાન અભિમાનમાં ફેરવાઈ જાય તો વિનાશ નિશ્ચિત છે. 'હું આ કરી શકીશ' ઉત્તમ વાત છે. તેનાથી આપણો અને સમાજનો લાભ જ થાય છે. પરંતુ 'હું જ આ કરી શકીશ' તેનાથી સમાજને તો કોઈ લેવાદેવા નથી પરંતુ પોતાનું તો ધનોતપનોત નીકળી જ જાય છે.

હુંપણું ક્યારેય આપણને સંતોષની લાગણી થવા દેતો નથી. હું જાણું છું. મને બધી જ ખબર પડે. મને બધું આવડે. આવો અહમ્ આપણને નીચા પાડી દેતો હોય છે.

એક વખત આવો અહંભાવ જાગી જાય પછી વયંભાવ પાછો આવવો મુશ્કેલ છે. ખરું કહેવાય નહીં! આપણે નાનાં હતા ત્યારથી આપણને આ બધી વાર્તાઓ દ્વારા, ઉદાહરણો દ્વારા અહમ્ ત્યાગવાની વાત શીખવવામાં આવતી હતી; છતાં પણ આજેય આપણે આપણા બાળકોને એ જ વાર્તાઓ સંભળાવીએ છીએ ખરા, પરંતુ તેને હજી સુધી આપણે જીવનમાં ઉતારી નથી. અને જ્યારે જ્યારે આચરણ વગરની નૈતિક વાતો બાળકોને જણાવવામાં આવે ત્યારે તે માત્ર વાર્તાઓ બની રહે છે. સંદેશ બનીને તેમના જીવનમાં ઊતરી શકતી નથી. કોઈપણ કાર્ય જ્યારે તેના પગરણ માંડતું હોય ત્યારે આપણને ઘણા બધા લોકો તરફથી સહાય મળે છે. ઘણા બધા તરફથી ઉપાલંભ પણ મળે છે. આ બધું જ સ્વીકારીને, આ બધું જ મેળવીને આપણે સફળતા પ્રાપ્ત કરીએ છીએ.

ખૂબ અઘરું છે... આપણે નિષ્ફળતા તો સૌની સાથે વહેંચવા માંગીએ છીએ પરંતુ સફળતાને કોઈની સાથે વહેંચવી ગમતી નથી. સફળતા અને નિષ્ફળતા, હાર અને જીત, સુખ અને દુઃખ આ દરેક દ્વંદ્વ એ એક સિક્કાની બીજી બાજુ છે.

રડવા માટે કોઈનો ખભો જોઈતો હોય તો સુખના ભાગીદાર પણ બનાવવા જ પડે. નિષ્ફળતા વખતે કોઈનું ઓઠું જોઈતું હોય તો સફળતાને પણ બીજા સાથે વહેચવી જ રહી. હુંપણાની યાત્રા ક્યારેય લક્ષ્ય સુધી પહોંચી શકતી નથી. તેમાં તો આપણા અસ્તિત્વને બીજાના અસ્તિત્વમાં ઓગાળી નાખવું એ જ અંતિમ લક્ષ્ય હોવું જોઈએ.

જીવનમાં પણ કંઈક એવું જ છે. વ્યક્તિ પોતાના અહંકારને આગળ કરી હુંપદ દાખવે છે. એ જ જીવનની મોટી ભૂલ છે. સત્કર્મ કરીને ભૂલી જવામાં જ અમરત્વ છે.

કર્યા વગર કઈ મળતું નથી.
કરેલું ફોગટ જતું નથી.
કામ કરતો જા,
હાંક મારતો જા,
મદદ તૈયાર છે....
આ જ ગીતાનું અમૃત વચન છે.

- jayuoza@gmail.com, Mo.9898046488

અમેરિકાથી ભારત પરત ફરતા મદ્રાસના સાગર કિનારે સ્ટીમરમાંથી ઉતરીને સૌથી પહેલાં વિવેકાનંદે આખા શરીરે માટી કેમ ચોળી ?

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

આજથી બરાબર ૧૫૯ વર્ષો પહેલા ભારતવર્ષની ભૂમિ ઉપર એક યુગપુરુષનું અવતરણ થયું. જાન્યુઆરી તારીખ ૧૨-૧૮૬૩ના રોજ પૃથ્વી ઉપર આવેલા સ્વામી વિવેકાનંદ પાંચમી જુલાઈ ૧૯૦૨ના રોજ માત્ર ૩૯ વર્ષની ઉંમરે દુનિયાને અલવિદા કરી અનંતની યાત્રાએ ચાલી નિકળ્યા. ચાર દાયકા જેટલા જીવનકાળ છતાં આજે પણ દરેક હિન્દુસ્તાનીના હૃદયમાં અને મનમાં વિવેકાનંદજી કેમ રમે છે. વિવેકાનંદ વ્યક્તિ નહીં વિચાર છે. રાષ્ટ્રપ્રેમ અને આધ્યાત્મિક ઉર્જાનો અદમ્ય સ્ત્રોત એટલે સ્વામી વિવેકાનંદ. એમના જીવનની પ્રત્યેક ઘટનાઓ પ્રેરણાત્મક પરિભાષા અંકિત કરે છે. વિવેકાનંદજીના વ્યક્તિત્વમાં સંસ્કાર અને સૌજન્યના અદભુત સમન્વયની અનુભૂતિ થાય છે. અમેરિકામાં વર્ષ ૧૮૯૩માં યોજાયેલી વિશ્વ ધર્મ મહાસભામાં ભારતના સનાતન ધર્મના ધજા પતાકા આ મહાપુરૂષે લહેરાવ્યા હતાં.

સ્વામીજીની સમગ્ર જીવનયાત્રા અબાલવૃદ્ધ સૌના માટે જીવન ઉપયોગી ભાથુ પુરુ પાડે છે. વિવેકાનંદજીનુ સમગ્ર જીવન પ્રેરણારૂપ છે. જાન્યુઆરીનો મહિનો વિવેકાનંદજીના જન્મના પવિત્ર મહિનામાં એમના જીવનમાં બનેલા કેટલાક પ્રસંગો ફાસ્ટ ફોરવર્ડ કરી મમળાવવાથી નવતર ઉર્જા અનુભવી શકાશે.

સ્વામીજીએ શિકાગોની વિશ્વ ધર્મ પરિષદમાં વેદાંત અને ભારતીય આધ્યાત્મિક ચેતનાના દર્શનની પ્રભાવક પ્રસ્તુતી કરીને સમસ્ત વિશ્વના ધર્મગુરુઓ અને પ્રબુધ્ધોની વૈચારિક ચેતનાને ઢંઢોળી નાખી એ વાત અજાણી નથી. અમેરિકાની યાત્રા પુરી કરીને જળ માર્ગે વર્ષ ૧૮૯૭ની જાન્યુઆરી ૨૬ના રોજ મદ્રાસના સાગર કિનારે સ્વામીજીની સ્ટીમર જ્યારે આવી પહોંચી એ વેળાની એક વાત છે. દરીયાકાંઠે મોટી સંખ્યામાં માનવ મહેરામણ સ્વામીજીના સત્કાર માટે ઉમટી પડ્યું હતું. સ્વામીજીએ લોકો તરફ જઈને એમનુ અભિવાદન ઝીલવાની બદલે પહેલાં સાગરતટે સાષ્ટાંગ દંડવત કરી ભૂમિવંદન કરી. પછી આખા શરીરે ભારત માતાની માટીને ચોળવા લાગ્યા. ત્યાર બાદ તેમણે તેમના સાથીઓને કહ્યું કે, 'ભોગ વિલાસ અને સ્વચ્છંદ વાતાવરણમાં વર્ષો વિતાવ્યા પછી મારામાં પ્રવેશેલા દોષોને દુર કરવા માતૃભૂમિની પવિત્ર માટીથી વધુ સારી કોઇ ઔષધિ ન હોઇ શકે.' સ્વામીજીનો આવો અનોખો મિજાજ અને રાષ્ટ્રપ્રેમ હતો.

શિકાગોને લગતો બીજો એક કિસ્સો છે. સ્વામીજીને એક વાર અમેરિકાના કોઇ શહેરમાં પ્રવચન આપવા નિમંત્રણ આપવામાં આવ્યું. ત્યાંના સ્વચ્છંદ યુવાનોએ વિવેકાનંદજીએ આપેલા તાટસ્થ ઉપરના વિચારની કસોટી કરવાનું મન થયું. યુવાનોએ સ્વામીજીને એક ઉંધા વાસણ ઉપર ઊભા રહીને બોલવા કહ્યું. સ્વામીજી સહજતપૂર્વક એક ઉંધા ટબ ઉપર ઉભા રહીને વક્તવ્ય આપવામાં લીન થઇ ગયા. યુવાનોએ તેમને ડીસ્ટર્બ કરવા ફટાકડા ફોડયા. મોટા અવાજો કરતા રહ્યાં પરંતુ સ્વામીજીના વક્તવ્યમાં તસુભાર ખલેલ ન પહોંચી. એમની વાણી અસ્ખલીત વહેતી રહી. એમના વક્તવ્ય બાદ યુવાનોએ એમની સાથે હાથ મિલાવીને કહ્યું, 'તમે ખરેખર જે ઉપદેશ આપો છો તેને અમલમાં મુકો છો.' સ્વામીજી એમના વક્તવ્યમાં એ જ વાત કરતાં જેનો એમણે અમલ કર્યો હોય.

વિવેકનંદે સને ૧૮૯૩માં અમેરિકાના શીકાગોમાં જે હોલમાં વિશ્વ ધર્મ પરિષદ ગજવીને ભારતીય સનાતન ધર્મ અને વેદાંત ફિલોસોફીની વાત વિશ્વ સમસ્તને જણાવી એની અલભ્ય તસવીર. ધર્મ પરિષદના એમના વક્તવ્ય પછી અમેરિન્સ સ્વામીજીના વિચારો અને વ્યક્તિત્ત્વથી જબરજસ્ત અભિભુત થઇ ગયા હતા.

સ્વામી વિવેકાનંદ ક્યારેય કોઇ વાત ઉપર આંધળો ભરોસો ન રાખતા. જ્યાં સુધી બરાબર સમજ ન પડે ત્યાં સુધી એ વાત છોડતા નહીં. બાળપણથી નીડર અને સ્પષ્ટવક્તા સ્વામી વિવેકાનંદનો એમના ગુરુ રામ કૃષ્ણ પરમહંસ સાથેના કિસ્સો મઝાનો છે. એમણે રામકૃષ્ણ પરમહંસ જ્યાં બેસ્તા હતા એ ગાદી નીચે એક વાર રાણીછાપ સિક્કો મુકી દીધો. રામકૃષ્ણ બહારથી આવીને જેવા ગાદી ઉપર બેઠા કે ઈલેક્ટ્રિક કરંટ લાગ્યો હોય એમ સફાળા ઉભા થઇ ગયા. એ તરત બોલ્યા, 'મારા આસન નીચે કોઇએ પૈસા મુક્યા છે કે શું ?ત્ત ગુરુની નાણા માટેની આસક્તિ ન રાખવાની વાતને પણ એમણે ચકાસીને પારખીને જ અપનાવી.

બાળ નરેદ્રદત્તનો કિસ્સો યાદ આવે છે. આઠ વર્ષની વયે બંગાળના આચાર્ય ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર શાળામાં ભણતા નરેદ્રદત્ત એક વાર વર્ગમાં મોટેથી વાતો કરતો હતો. શિક્ષક અભ્યાસ કરાવી રહ્યાં હતાં. એમને ખલેલ પડી એટલે શિક્ષકે નરેદ્રદત્તને ઉભો કરી પાઠમાંથી સવાલો પુછ્યાં. નરેન્દ્રદત્તે ફટાફટ શિક્ષકના સવાલોના જવાબો આપી દીધા. શિક્ષકે કહ્યું, 'તારુ ધ્યાન તો ભણવામાં છે.' ત્યારે નરેન્દ્રએ કહ્યું, 'ગુરુજી સાચી વાતતો એ છે કે, હું જ ભાઈબંધો સાથે ટોળ ટપ્પા કરતો હતો.' ત્યારે શિક્ષકે કહ્યું, પણ તારા તો તમામ જવાબ સાચા છે.' સ્વામીજી એક સાથે બે કામ ચીવટાઈથી કરી શકતા. એમની આવી મેધાવી પ્રતિભા બાળપણથી હતી.

આવી જ બાળપણની બીજી એક પ્રેરણાત્મક કહાની છે. એક દિવસ ઘરની બહાર મિત્રો સાથે નરેન્દ્ર પૂજાની રમત રમતા હતા. મિત્રો વચ્ચે હોડ જામી કે, સૌથી વધુ એકાગ્ર બનીને ધ્યાન કોણ કરી શકે ? બધા મિત્રો પલાઠીવાળીને ધ્યાનમાં બેસી ગયા. એવામાં એક કાળોતરો નાગર ફુફાડા મારતો ત્યાં આવી ચડ્યો. એક બાળકે એ જોયો અને ચિક્કાર કર્યો. બધા બાળકો ડરીને ભાગી ગયા. ધ્યાન મગ્ન નરેન્દ્ર સામે ફુફાડા મારતો નાગ થોડીવાર બેસી રહ્યો અને પછી ત્યાંથી જતો રહ્યો. બાળકોએ નરેન્દ્રની માતા પાસે જઈને બધી વાત કરી. માતાજી અધ્ધર શ્વાસે ફળીયામાં આવ્યા અને નરેન્દ્રને બથમાં ભરીને વાત કરી કે, 'બેટા તને સાપનો ડર ન લાગ્યો ?' નરેન્દ્રએ આશ્ચર્યચકિત થઈને કહ્યું, 'સાપ ? કેવો ડર ? મેં તો સપનામાં પણ સાપ નથી જોયો. હું તો ધ્યાનમાં ઈશ્વરનું નામ સ્મરણ કરતો હતો.'

અમેરિકાના એમના પ્રવાસ દરમિયાન સ્વામીજીએ અનેક વ્યાખ્યાનો આપ્યા. ઘણા અમેરિકન્સ સ્વામીજીના વિચારોથી પ્રભાવિત થઇ ગયા હતા. એ સમયમાં એક પ્રોફેસરે વિવેકાનંદજી પાસે